પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૭૯ | ૩૦ મે, ૨૦૧૯, ગુરૂવાર; વૈશાખ વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# આજે નરેન્દ્ર મોદીનો રાજ્યાભિષેક

## આજે સાંજે સાત વાગ્યે રાષ્ટ્રપતિભવન ખાતે કેન્દ્રીય મંત્રીમંડળનો શપથવિધિ યોજાશે : પ્રચંડ બહુમતિ બાદ ફરી એકવાર મોદી સરકાર સત્તારૂઢ થશે : બિમસ્ટેક દેશોના અધ્યક્ષો અને મોટી સંખ્યામાં વરિષ્ઠ નેતાઓની ઉપસ્થિતિમાં મોદી અને અન્યોને રાષ્ટ્રપતિ શપથ લેવડાવશે : સાદગીપૂર્ણ રીતે કાર્યક્રમ થશે



નવી દિલ્હી,તા. ૨૯

લોકસભાની ચૂંટણીમાં પ્રચંડ અને ઐતિહાસિક જીત હાંસલ કર્યા બાદ આવતીકાલે નરેન્દ્ર મોદી સતત બીજી અવધિ માટે દેશના વડાપ્રધાન તરીકે શપથ લેવા જઈ રહ્યા છે. શપથવિધિ ઐતિહાસિક બનાવવા માટે તમામ તૈયારીઓ કરવામાં આવી છે. શપથવિધિ આવતીકાલે સાંજે સાત વાગે શરૂ થશે. શપથવિધિને લઈને ભારે ઉત્સુકતા પ્રવર્તી રહી છે. ભાજપની પ્રચંડ જીત બાદ આ કાર્યક્રમને ભવ્ય બનાવવા જોરદાર તૈયારી કરી લેવામાં આવી છે પરંતુ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદ અને વડાપ્રધાન મોદી તરફથી એવા સંકેત મળ્યા છે કે, કાર્યક્રમને સામાન્ય અને ગંભીરરુપ આપવામાં આવે તે જરૂરી છે. સાદગીપૂર્ણરીતે કાર્યક્રમની તૈયારી કરવામાં આવી છે. શપથગ્રહણ કાર્યક્રમ રાષ્ટ્રપતિ ભવનના બહારના પ્રાંગણમાં યોજવામાં આવશે. મુખ્ય દ્વાર અને મુખ્ય ભવનની વચ્ચે ભવ્ય રસ્તો બનાવવામાં આવ્યો છે જેનો ઉપયોગ રાજ્યના પ્રમુખો અને દેશના શાસનાધ્યક્ષોના સ્વાગત માટે ઉપયોગ કરવામાં આવશે. વડાપ્રધાન પદના શપથ દરબાર હોલની જગ્યાએ રાષ્ટ્રપતિ ભવનના બહારના પ્રાંગણમાં યોજવામાં આવશે. દરબાર હોલમાં માત્ર ૫૦૦૦ લોકોના સમારોહ યોજી શકાય છે. સૌથી પહેલા ચંદ્રશેખરે ૧૯૯૦માં બહારી પ્રાંગણમાં વડાપ્રધાન તરીકે શપથ લીધા હતા. ૨૦૧૪માં વડાપ્રધાનના શપથગ્રહણમાં સાર્ક દેશોના પ્રમુખ ઉપરાંત ૪૦૦૦ મહેમાનોએ ભાગ લીધો હતો. કાર્યક્રમમાં ૧૪ દેશોના પ્રમુખ જોડાયા હતા. મોદીની શપથવિધીની તમામ તૈયારી આજે પૂર્ણ કરી લેવામાં આવી હતી. નવી કેબિનેટમાં કોને કોને સામેલ કરવામાં આવશે તેને લઈને ભારે ચર્ચા ચાલી રહી છે. આવતીકાલે સાંજે સાત વાગે મોદી વડાપ્રધાન તરીકે શપથ લેશે. તેમની સાથે

● અનુસંધાન પાન-૭ પર

- **વડાપ્રધાન મોદીની સાથે ૬૫થી ૭૦ મંત્રીઓ શપથ લે તેવી શક્યતા**
- **૨૦૧૪ કરતા પણ ૨૦૧૯નો શપથ સમારોહ ભવ્ય હશે, ૬૫૦૦ મહેમાન થશે સામેલ**
- **નરેન્દ્ર મોદી સતત બીજી વખત વડાપ્રધાન બનશે, દેશના ૧૭મા વડાપ્રધાન બનશે**
- **કેબિનેટમાં જેડીયુ-શિવસેનાના બે-બે મંત્રી, અકાલી દળ-અપના દળને એક-એક મંત્રાલયને શક્યતા**
- **સૌની નજર અમિત શાહ પર, મંત્રીમંડળમાં જોડાશે કે પછી....**
- **વિવિધ દેશો નેતાઓની સાથે સાથે વિપક્ષના દિગ્ગજ નેતાઓ પણ શપથ સમારોહમાં ઉપસ્થિત રહેશે.**

## વિજય રૂપાણી અને નિતીન પટેલ શપથવિધિમાં હાજર રહેશે

અમદાવાદ,તા.૨૮

મુખ્યમંત્રી વિજય રૂપાણી આવતીકાલે સાંજે નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવન ખાતે યોજાનારા પદનામિત પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના શપથવિધિ સમારોહમાં નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ સાથે ઉપસ્થિત રહેશે. વિજય રૂપાણી અને નીતિન પટેલ ગુરુવારે તા. ૩૦ મે-૨૦૧૯ના બપોરે ૧ કલાકે અમદાવાદથી હવાઈ માર્ગે નવી દિલ્હી જશે. ભારતીય જનતા પાર્ટીના સર્વ સંમતિથી સતત બીજી વાર પ્રધાનમંત્રી તરીકે શપથ ગ્રહણ કરનારા નરેન્દ્ર મોદીના સોગંદવિધિ સમારોહમાં મુખ્યમંત્રી– નાયબ મુખ્યમંત્રી જોડાશે. મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી શપથવિધિ સમારોહ પૂર્ણ થયે આવતીકાલે રાત્રે ગાંધીનગર પરત આવશે.

### બંગાળમાં હિંસામાં માર્યા ગયેલા કાર્યકર્તાના પરિજનોને મોદીના શપથગ્રહણમાં આમંત્રણ

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના શપથગ્રહણ સમારોહમાં વીઆઈપી હસ્તીઓ ઉપરાંત પશ્ચિમ બંગાળમાં માર્યા ગયેલા ભાજપના કાર્યકરોના પરિવારોને પણ આમંત્રણ આપીને ભાજપે માસ્ટર સ્ટ્રોક માર્યો છે. ભાજપે આવા ૫૪ લોકોને શપથગ્રહણ સમારોહમાં સામેલ થવાનું આમંત્રણ આપ્યું છે.

### મોદીના શપથ ગ્રહણ સમારોહમાં પુલવામા હુમલાના શહીદ જવાનના પરિવારને પણ આમંત્રણ

નરેન્દ્ર મોદીના શપથ ગ્રહણ સમારોહમાં પુલવામા હુમલાના શહીદ થયેલા સીઆરપીએફના જવાનના પરિવારને પણ આમંત્રણ આપવામાં આવ્યુ છે. શહીદના પરિવારના સભ્યો આ શપથ ગ્રહણ સમારોહમાં ઉપસ્થિત રહેશે. મહત્વપૂર્ણ છે કે ૧૪મી ફેબ્રુઆરીના રોજ પુલવામામાં સીઆરપીએફના કાફલા પર આતંકવાદીએ આત્મઘાતી હુમલો કર્યો હતો. જેમા સીઆરપીએફના ૪૦ જવાન શહીદ થયા હતા.

### અરુણ જેટલીનો રાજનીતિક સંન્યાસઃ મોદીને પત્ર લખી મંત્રી ન બનાવવા ભલામણ કરી

કેન્દ્રીય મંત્રી અરુણ જેટલીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખી અપીલ કરી છે કે તેમને મંત્રી બનાવવાનો વિચાર ન કરવામાં આવે. જેટલીએ પોતાના પત્રમાં લખ્યું છે કે છેલ્લા ૧૮ મહિનાથી તેમની તબીયત ખરાબ છે એવામાં તેઓ જવાબદારીને નિભાવી નહીં શકે. તેથી તેમને મંત્રી બનાવવા પર કોઈ વિચાર ન કરે.

### સોરી મોદીજી, શપથ ગ્રહણમાં નહીં આવી શકું : મમતા

નરેન્દ્ર મોદી સરકારના શપથ ગ્રહણ સમારોહના થોડા સમય અગાઉ રાજકીય વિવાદ વધી રહ્યો છે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ નરેન્દ્ર મોદીના શપથ ગ્રહણ સમારોહમાં હાજરી આપવાનો ઈનકાર કર્યો હતો. જે માટે તેમણે અગાઉ હા પાડી હતી. મમતાએ એક પત્ર લખી કહ્યું હતું કે ભાજપે આ કાર્યક્રમમાં મૃત ભાજપ કાર્યકરોના પરિવારને બોલાવ્યા છે અને તેને રાજકીય હત્યા ગણાવી છે. આ રાજકીય હત્યા નથી. પરંતુ અંદરો-અંદર લડાઈનો કિસ્સો છે.

## ન્યુઝ ટ્રેક

### એર ઈન્ડિયા પણ મુશ્કેલીમાં

વિનિવેશ કરવાના પ્રયત્નોમાં નાકામ રહેલી સરકારી વિમાન કંપની એર ઈન્ડિયા પોતાનો ખર્ચ ચાલુ રાખવા ૨૪૦૦ કરોડ રૂપિયાનું કર્જ લેવા તૈયારી કરી રહી છે. નાગરિક ઉડ્ડયન સચિવ પ્રદિપસિંહ ખરોલા સાથે ગત દિવસોમાં થયેલ બેઠક દરમ્યાન નવા ફંડ મામલે વાતચીત થઈ હતી.

### કર્ણાટક કોંગ્રેસમાં અસંતોષ

અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મહાસચિવ કેસી વેણુગોપાલ કર્ણાટક કોંગ્રેસના નેતાઓને મળશે. તેઓ પાર્ટી નેતાઓ અને ધારાસભ્યો સાથે અલગ અલગ બેઠક યોજશે. રાજયમાં કોંગ્રેસ-જેડીએસ સરકારને બચાવી રાખવા માટે કેબિનેટ વિસ્તરણની ખબરો વચ્ચે વેણુગોપાલે આ નિર્ણય લીધો છે.

# આજથી વિશ્વકપ ક્રિકેટ મહાસંગ્રામ

**મહાકુંભના પ્રથમ દિવસે આજે ઇંગ્લેન્ડની આફ્રિકા સામે ટક્કર : વિશ્વના કરોડો ક્રિકેટ ચાહકોમાં ભારે ઉત્સાહ : યજમાન ઇંગ્લેન્ડ અને ભારત હોટફેવરીટ તરીકે મેદાનમાં : ઇંગ્લેન્ડમાં પાંચમી વખત વર્લ્ડ કપનુ આયોજન**

લંડન,તા. ૨૯

જેની ઉત્સુકતાપૂર્વક કરોડો ક્રિકેટ ચાહકો રાહ જોઈ રહ્યા છે તે વર્લ્ડ કપ ૨૦૧૯ મહાસંગ્રામની આવતીકાલથી રોમાંચક શરૂઆત થઈ રહી છે. વર્લ્ડ કપ ૨૦૧૯ના પ્રથમ દિવસે યજમાન ઈંગ્લેન્ડની દક્ષિણ આફ્રિકા સામે ટક્કર થનાર છે. ક્રિકેટ વર્લ્ડ કપનુ ઈંગ્લેન્ડમાં પાંચમી વખત આયોજન કરવામાં આવ્યુ છે. વર્લ્ડ કપ ક્રિકેટની પ્રથમ મેચ આવતીકાલે ઓવલ મેદાન ખાતે રમાશે. જ્યારે ફાઈનલ મેચ લોર્ડસના ઐતિહાસિક મેદાન ખાતે ૧૪મી જુલાઈના દિવસે રમાશે. તમામ મેચોને લઈને ચાહકો ભારે ઉત્સુક છે. છેલ્લે વર્લ્ડ કપનુ આયોજન ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં કરવામાં આવ્યુ હતુ. વર્ષ ૨૦૧૫માં ઓસ્ટ્રેલિયાએ તાજ જીતી લેવામાં સફળતા મેળવી હતી. આ વખતે પણ તે ફેવરીટ ટીમ તરીકે છે. છેલ્લા વર્લ્ડ કપની ફાઈનલ મેચ બે યજમાન દેશ ઓસ્ટ્રેલિયા અને



ન્યુઝીલેન્ડ વચ્ચે જ રમાઈ હતી. જેમાં ફાઈનલમાં ઓસ્ટ્રેલિયાએ ન્યુઝીલેન્ડ પર સાત વિકેટે જીત મેળવી લીધી હતી. વિરાટ કોહલીના નેતૃત્વમાં ભારતીય ટીમ સૌથી પ્રબળ દાવેદાર તરીકે દેખાઈ રહી છે. તેના પર તમામનુ ધ્યાન કેન્દ્રિત થઈ ગયુ છે. ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ દ્વારા ટુર્નામેન્ટ માટે કુલ ઈનામી રકમ ૧૦ કરોડ રૂપિયા અથવા તો ૧૦ મિલિયન ડોલર રાખવામાં આવી છે.

ટીમના દેખાવ મુજબ ઈનામી રકમ મળશે. જે પૈકી વિજેતા ટીમને ૪૦૦૦૦૦૦ અમેરિકી ડોલરની રકમ મળનાર છે. ગ્રુપ સ્ટેજ ફોર્મેટમાં આ વખતે મેચો રમાનાર છે.

વર્લ્ડ કપમાં ભાગ લઈ રહેલી ટીમોમાં દક્ષિણ આફ્રિકા, ભારત, ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ, ન્યુઝીલેન્ડ, પાકિસ્તાન, બાંગ્લાદેશ, શ્રીલંકા, અફઘાનિસ્તાન અને વેસ્ટ ઈન્ડિઝનો સમાવેશ થાય છે. ૩૦મી મેના દિવસથી વર્લ્ડકપની શરૂઆત થયા બાદ ૧૪મી જુલાઈ વર્લ્ડકપ ચાલશે. ૨૦૧૫નું આયોજન કરવા ઈંગ્લેન્ડે બિડિંગ પ્રક્રિયાથી નામ પરત ખેંચી લીધું હતું. આનુ આયોજન ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં કરવામાં આવ્યું હતું. વર્લ્ડકપની પ્રથમ મેચ ઓવલમાં રમાશે જ્યારે ફાઈનલ મેચ લોર્ડ્ઝમાં રમાશે.

## મોદીની ભવ્ય જીત બાદ 'ટાઈમ મેગેઝિન'ની ગુલાંટ : મોદીએ દેશને એકસૂત્રે પરોવ્યો

**અગાઉ ટાઇમે મોદીને ડિવાઇડર ઇન ચીફ કહ્યા હતા : મોદીએ ભારતને એવી રીતે જોડ્યો જે છેલ્લા એક દાયકામાં કોઇ પણ વડાપ્રધાને નથી કર્યું**

ન્યૂયોર્ક,તા.૨૯

લોકસભાની ચૂંટણી પૂર્વે અમેરિકાના પ્રસિદ્ધ મેગેઝિન ટાઈમે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર એક લેખ પ્રસિદ્ધ કર્યો હતો જેનું શિર્ષક હતું 'ડિવાઈડર ઈન ચીફ' અર્થાત 'પ્રમુખ વિભાજનકારી'. જો કે હવે લોકસભા ચૂંટણી બાદ ચિત્ર બદલાઈ ગયું છે. ભાજપે એકલાહાથે ૩૦૩ બેઠકો જીતીને ઈતિહાસ રચ્યો છે ત્યારે હવે ટાઈમ મેગેઝિને ગૂલાંટ મારી છે અને પોતાની વેબસાઈટ પર ૨૮મેના રોજ પ્રસિદ્ધ કરાયેલા એક આર્ટિકલમાં મોદીના પેટ ભરીને વખાણ કર્યા છે. આ આર્ટિકલનું શિર્ષક છે 'મોદી હેઝ યુનાઈટેડ ઈન્ડિયા લાઈક નો પ્રાઈમ મિનિસ્ટર ઈન ડેકેડ્સ' એટલે કે 'મોદીએ ભારતને એવી રીતે જોડ્યો જે છેલ્લા એક દાયકામાં કોઈપણ વડાપ્રધાને નથી કર્યું.'

મોદી વિશે તાજેતરનો આર્ટિકલ મનોજ લડવાએ લખ્યો છે જેમણે ૨૦૧૪માં લકોસભા ચૂંટણી દરમિયાન 'નરેન્દ્ર મોદી ફોર પીએમ' અભિયાન ચલાવ્યું હતું. આર્ટિકલમાં જણાવાયું છે કે, 'મોદીની સામાજિક રીતે પ્રગતિશિલ નીતિઓને લીધે ભારતીયો જેમાં હિન્દુ અને ધાર્મિક લઘુમતિઓ સામેલ છે, તેમને ગરીબીમાંથી ઉગાર્યા છે. વિતેલા જમાનાની તુલનાએ આ સૌથી ઝડપથી થયું છે.

લેખક વધુમાં લખ્યું છે કે, 'મોદીની નીતિઓની ટીકા અને આલોચનાઓ છતા તેમણે પોતાના વિતેલા કાર્યકાળ અને આ વખતના મેરેથોન પ્રચારમાં ભારતીય મતદારોને એવી રીતે એક કર્યા, જે લગભગ વિતેલા પાંચ દાયકામાં કોઈ વડાપ્રધાન કરી શક્યું નથી.

અગાઉ ૧૦મેના ટાઈમ મેગેઝિનના કવરમાં




મોદીને ડિવાઈડર ઈન ચીફ તરીકે સંબોધવામાં આવ્યા હતા. પત્રકાર આતિશ તાસીરકીની આ કવર સ્ટોરી કરતા તાજેતરના અંકમાં કરાયેલી સ્ટોરી બિલકુલ વિપરીત સ્ટેન્ડ દર્શાવે છે. દેશમાં તે વખતે લોકસભા ચૂંટણી ચાલી રહી હોવાથી મોદી વિશેનો આ આ ર્ટિકલ ખૂબ ચર્ચામાં રહ્યો હતો.

## મોદીની જીત બાદ વિવિધ રાજ્યોમાં વિપક્ષ મુશ્કેલીમાં

**રાજસ્થાન, મધ્યપ્રદેશ, કર્ણાટકમાં અસંતોષનું મોજુ : રાજસ્થાનમાં નેતૃત્વ પરિવર્તનને લઇ ચર્ચાઓનો દોર શરૂ મધ્યપ્રદેશમાં કમલનાથ, કર્ણાટકમાં કુમારસ્વામી ચિંતાતુર**

નવી દિલ્હી, તા. ૨૯

લોકસભાની ચૂંટણીમાં કારમી હાર થયા બાદ કોંગ્રેસ પાર્ટી અભૂતપૂર્વ સંકટનો સામનો કરી રહી છે. રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં કોંગ્રેસ છાવણીમાં વ્યાપક અસંતોષની સ્થિતિ છે. બંગાળમાં મમતા બેનર્જીની સામે પણ પાર્ટીને સાચવવા માટે પડકારની સ્થિતિ થઈ ગઈ છે. કર્ણાટકમાં કુમારસ્વામીની સરકાર હચમચી ઉઠી છે. રાજસ્થાન, મધ્યપ્રદેશ, કર્ણાટક અને બંગાળ સુધી મોદીની સુનામીના લીધે વિરોધ પક્ષો હચમચી ઉઠ્યા છે. જુદા જુદા રાજ્યોમાં વિપક્ષને એક પછી એક ફટકા પડી રહ્યા છે. રાજસ્થાનની વાત કરવામાં આવે તો રાજસ્થાનમાં રાજકીય ખેંચતાણની વચ્ચે નાયબ મુખ્યમંત્રી સચિન પાયલોટને મુખ્યમંત્રી બનાવવાની માંગ ઉઠી રહી છે. રાજસ્થાન કોંગ્રેસ સમિતિના સચિવ સુશીલ આસોપાએ સચિનને મુખ્યમંત્રી બનાવવાનું સમર્થન કર્યું છે. સાથે સાથે ફેસબુક ઉપર એક પોસ્ટ પણ રજૂ કરીને રજૂઆત કરી છે. રાજસ્થાનમાં કોઈપણ જગ્યાએ જવામાં આવે તો કહેવામાં આવે છે કોંગ્રેસ જો સચિન પાયલોટને પાંચ વર્ષની મહેનત બાદ મુખ્યમંત્રી બનાવી દીધા હોત તો રાજસ્થાન લોકસભાની ચૂંટણીના પરિણામ અલગ રહ્યા હોત. સચિન પાયલોટે સતત પાંચ વર્ષ સુધી સતત મહેનત કરી હતી જેમાં રાજસ્થાનમાં વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસ પાર્ટીની જીત થઈ હતી પરંતુ કોંગ્રેસે અશોક ગેહલોતને મુખ્યમંત્રી બનાવીને ફરી એકવાર તમામને નિરાશ કર્યા છે. યુવાનોને પહેલા લાગી રહ્યું હતુ કે, સચિન પાયલોટને મુખ્યમંત્રી બનાવવામાં આવશે જેથી તમામ લોકોએ કોંગ્રેસને મત આપ્યા હતા.

## હવે સાંજે ૬ વાગ્યા સુધી આરટીજીએસ દ્વારા નાણાં ટ્રાન્સફર કરી શકાશે, નિર્ણય ૧ જૂનથી અમલી

મુંબઈ,તા.૨૯

સામાન્ય માણસોને રાહત આપવા માટે ભારતીય રિઝર્વ બેંક દ્વારા એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. આરબીઆઈના નવા નિયમ પ્રમાણે હવે RTGS (રિયલ ટાઈમ ગ્રોસ સેટલમેન્ટ) દ્વારા પૈસા મોકલવાનો સમય દોઢ કલાક વધારીને સાંજે ૬ વાગ્યા સુધીનો કરી દેવામાં આવ્યો છે. નવો નિયમ ૧ જૂનથી લાગુ કરવામાં આવશે. હાલ આરટીજીએસ દ્વારા પૈસા ટ્રાન્સફર કરવાનો સમય સાંજે ૪.૩૦ સુધીનો હતો.

RTGS વ્યવસ્થા અંતર્ગત ફંડ ટ્રાન્સફરનું કામ તુરંત થઈ જાય છે. આરટીજીએસનો ઉપયોગ મોટી રકમ ટ્રાન્સફર કરવા માટે થાય છે. તેમાં ઓછામાં ઓછી રકમ રૂ. ૨ લાખ હોય છે અને મહત્તમ રકમની સીમા નક્કી કરવામાં આવી નથી. મોટી રકમના ટ્રાન્ઝેક્શન માટે આરટીજીએસને સૌથી સ્પીડી માધ્યમ માનવામાં આવે છે. એપ્રિલમાં બેંકો અને ગ્રાહકોએ મળીને કુલ ૧.૧૪ કરોડ રૂપિયાનું આરટીજીએસ દ્વારા ટ્રાન્ઝેક્શન કર્યું હતું. આરબીઆઈ દ્વારા જાહેર કરવામાં આવેલા નોટિફિકેશનમાં કહેવામાં આવ્યું છે કે, તેમણે આરટીજીએસ દ્વારા ગ્રાહકની લેણદેણનો સમય સાંજે ૪.૩૦થી વધારીને ૬ વાગ્યા સુધીનો કરી દીધો છે. આરટીજીસીની આ સુવિધા ૧ જૂનથી મળશે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧

પશ્ચિમ ભારતની અગ્રગણ્ય પ્રિસ્કૂલ હવે નારદીપુરમાં
www.rangolischool.co.in
RANGOLI® A Colourful beginning
Hiring Preschool Staff
RANGOLI is a premier Pre-School of Western India having 75+ Centres. We need a female candidates for following positions for our Nardipur Centre.
Centre Incharge/ Counsellor • Graduate with excellent communication skills & relevant 2+ years experience
Teacher • Graduate with child development course and 2 years experience • Frashers may apply
Interested candidates may send their resume on: nardipur.gandhinagar@rangolischool.co.in
Ugriba Balamandir, Nr. S T Bus Stand, Nardipur, Gandhinagar
Ph: 70460 89521

મોલેક્ષ ઈન્ડિયા પ્રાઈવેટ લિમીટેડ
સી-૭ - ૮, જી.આઈ.ડી.સી. ઈલેક્ટ્રોનિક્સ એસ્ટેટ,
સેક્ટર-૨૫, ગાંધીનગર - ૩૮૨૦૪૪.
ફોન : ૦૭૯-૬૬૭૩૭૭૯૧/૯૨
મુખ્યમંત્રી એપ્રેન્ટીસ શીપ તાલીમ યોજના અંતર્ગત મોલેક્ષ ઈન્ડિયા પ્રાઈવેટ લિમીટેડ ગાંધીનગર દ્વારા
● ૦૬ ફીટર
● ૦૨ ઈલેક્ટ્રીશીયન
● ૦૨ વાયરમેનની
જગ્યાઓ ઉપર વિવિધ જગ્યાએ એપ્રેન્ટીસશીપ એક્ટ-૧૯૬૧ હેઠળ રાખવાના થાય છે. આથી જરૂરી લાયકાત ધરાવતા ઉમેદવારોએ જાહેરાત પ્રસિદ્ધ થયાના ૧૦ દિવસમાં ઉક્ત સરનામે કોરા કાગળ પર પોતાની અરજી કરી શકશો.
અથવા ઈ-મેઈલ rahu.singh@molex.com પર પણ અરજી મોકલી શકશે.